**મુંદરા પોલીસ સ્ટે. પાર્ટ–એ ગુના રજી. નં. ૧૧૨૦૫૦૩૨૨૬૦૩૦૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ના કાયદાની કલમ–૩૦૬, ૩૩૪(૨), ૩૦૩(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪** મુજબના કામે અરજદાર/આરોપી **રૂપકિશોર સ/ઓ. શીવસિંહ રાજપુત,** ઉ.વ.૩૩, રહે. મુળ ગામ: ગુદાલેશ્વર થાના ટાટગઢ, જી. બ્યાવર રાજસ્થાન, હાલે રહે. હિંગલાજનગર બારોઈ રોડ, મુન્દ્રા નાઓની **રેગ્યુલર જામીન અરજી લગત હુકમ.**

---

(૧) સદર ગુના કામે જામીન અરજી તથા અરજી તળેનાં શેરા તથા તે સાથેના સાધનીક કાગળો તથા કેસ કાગળો વંચાણે લીધા તેમજ પક્ષકારોનાં વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૨) આ કામનાં આરોપીના વિ.વકીલશ્રીએ હાલની અરજીના સમર્થનમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, ખોટી રીતે અટક કરેલ છે, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, સમાજમાં પ્રતિષ્ઠા ધરાવે છે, સ્થાનિકનાં રહેવાસી છે અને તે જગ્યાએ સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, કુટુંબના ભરણપોષણની જવાબદારી એકમાત્ર તેમના પર છે. જામીન મુકત કરવામાં ન આવે તો પરિવારની સ્થિતી કફોડી થાય તેમ છે. ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડશે નહી. નામદાર અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા બાંહેધરી આપે છે. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઇ આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી ઉપર વિગતવાર શેરો કરી, જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે અને વધુમાં દલીલ કરી જણાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઇ આરોપીની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) અમારી સમક્ષ રજુ થયેલ અસલ કેસ રેકર્ડ તથા રજુ થયેલ દલીલો ધ્યાને લેતાં, એફ.આઇ.આર. મુજબ ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદીના કબજાના કન્ટેનરમાંથી આશરે ૧૦ ટન જેટલો કોપર તથા એલ્યુમીનીયમનો સ્ક્રેપ (ભંગાર) કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/– ની ચોરી કરી લઇ ગયેલાનો આક્ષેપ છે. આમ, આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ના કાયદાની કલમ–૩૦૬, ૩૩૪(૨), ૩૦૩(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે.

અરજદાર/આરોપી સામે સેશન્સ ટ્રાયેબલ અને આજીવન કેદની શિક્ષાને પાત્ર ગુનો છે. આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનામાં આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇને ધ્યાને લેતાં તથા આરોપી મૂળ ગુજરાત રાજય બહારના વતની હોય, તપાસ દરમિયાન તથા ટ્રાયલ સમયે હાજર રહે તેવી શકયતા જણાતી ન હોય, આરોપીને જામીન મુકતીનો લાભ આપવા પાત્ર કેસ જણાતો નથી. જેથી, અત્રેની અદાલતે વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી આરોપીને જામીન મુકત કરવાનું યોગ્ય અને વાજબી જણાતું નથી. જેથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

આ કામના અરજદાર/આરોપી **રૂપકિશોર સ/ઓ. શીવસિંહ રાજપુત,** ઉ.વ.૩૩, રહે. મુળ ગામ: ગુદાલેશ્વર થાના ટાટગઢ, જી. બ્યાવર રાજસ્થાન, હાલે રહે. હિંગલાજનગર બારોઇ રોડ, મુન્દ્રા નાઓને **મુંદરા પોલીસ સ્ટે. પાર્ટ–એ ગુના રજી. નં. ૧૧૨૦૫૦૩૨૨૬૦૩૦૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ના કાયદાની કલમ–૩૦૬, ૩૩૪(૨), ૩૦૩(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪** મુજબના ગુના કામે કરેલ હાલની રેગ્યુલર જામીન અરજી આથી, **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ પાંચમી, માહે: માર્ચ, સને: બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૩/૨૦૨૬.
સ્થળ : મુન્દ્રા–કચ્છ.

**(સુદિપ્તો પાલ)**
અધિક જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મુન્દ્રા–કચ્છ.